ફરીયાદ રજૂ તારીખ :– ૧૦–૦૮–૨૦૨૩
ફરીયાદ દાખલ તારીખ :– ૧૦–૦૮–૨૦૨૩
ફરીયાદ નિકાલ તારીખ:– ૨૫–૦૩–૨૦૨૬
સમય અવધિ :– ૦૨–૦૭–૧૫

==========================================

**મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ધંધુકા**

==========================================

**ક્રિમીનલ કેસ નંબર : ૬૦૭/૨૦૨૩**

**આંક :**

**ફરિયાદી : શ્રી સરકાર,**

**વિરૂધ્ધ**

**આરોપી :** બદરૂભાઈ ઉર્ફે બેરો અલ્લારખા સિંધી (ડફેર),
રહે. ગુંજાર ગામની સીમમાં,
તા. ધંધુકા, જી. અમદાવાદ.

**ગુન્હો :આર્મ એકટ કલમ–૨૫(૧–બી), એ મુજબ.**

==========================================

શ્રી સરકાર તરફે વિદ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીકયુટર શ્રી ડી.આર. ભીલવાર
આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી આઈ. યુ. દેસાઈ

==========================================

**–: ચુ કા દો :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામનાં આરોપીએ તા. ૨૮–૦૫–૨૦૨૩ ના કલાક –૧૭/૪૫ વાગ્યાના સુમારે મોજે ગુંજાર ગામની સીમમાં પોતાના કબજા ભોગવટામાં ગે. કા. રીતે દેશી હાથ બનાવટની જામગરી બંદુક કિંમત રૂ. ૩,૦૦૦/– ની રાખી પકડાઈ જઈ, આર્મ એકટ કલમ – ૨૫(૧–બી)એ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આચરેલ છે. જેથી ફરીયાદીએ સદર ગુના બાબતની

વિગતવારની ફરીયાદ સબંધિત પો.સ્ટે.માં આપતા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, પંચો રૂબરૂ પંચનામા કરી, આરોપીને અટક કરી સમગ્ર તપાસનાં અંતે આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો જણાતા અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આરોપી વિરૂઘ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીને સમન્સ/વોરંટ કરતા આરોપી હાજર થતા ફો. કા. અ.ની કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી આરોપી સામે આંક–૫ થી તહોમતનામું ફરમાવી આરોપીનો આંક–૬ થી જવાબ લેવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>(અ) મૌખિક પુરાવા :–</u>**

| | | |
|---|---|---|
| (૧) | પંચ કાનાભાઈ ડાયાભાઈ ગમારાની જુબાની | આંક–૦૯ |
| (૨) | પંચ યોગેશકુમાર આદિત્યરાય આચાર્યની જુબાની | આંક–૧૧ |
| (૩) | ફરીયાદી પ્રવિણભાઈ ગફુરભાઈની જુબાની | આંક–૧૪ |
| (૪) | પોલીસ સાહેદ હરદિપસિંહ જીતેન્દ્રસીંહની જુબાની | આંક–૧૬ |
| (૫) | પોલીસ સાહેદ છત્રપાલસિંહ જશવંતસીંહની જુબાની | આંક–૧૭ |
| (૬) | પોલીસ સાહેદ મયુરીબેન બાલુભાઈની જુબાની | આંક–૨૦ |
| (૭) | પોલીસ સાહેદ કમલેશભાઈ જાદવભાઈની જુબાની | આંક–૨૨ |
| (૮) | પોલીસ સાહેદ ગીરીશભાઈ રવજીભાઈની જુબાની | આંક–૨૪ |
| (૯) | ત.ક.અ. પી. એન. ઝીંઝુવાડિયાની જુબાની | આંક–૩૫ |

**<u>(બ) દસ્તાવેજી પુરાવા :–</u>**

| | | |
|---|---|---|
| (૧) | પંચનામું | આંક–૧૦ |
| (ર) | ફરીયાદ | આંક–૧૫ |
| (૩) | પ્રોસીકયુશન કરવાની મંજુરી અંગેનો પત્ર | આંક–૩૬ |

(૪) વિ.એ.પી.પી.શ્રી તરફથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જણાવતા ફરીયાદપક્ષનો પુરાવો એ.પી.પી.શ્રીના મૌખિક વિનંતીથી બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.

(૫) આ કામે આરોપી પક્ષે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

(૬) બન્ને પક્ષે દલીલો સાંભળી.

(૭) સદર કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>–:મુદ્દા:–</u>**

૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ તા. ૨૮–૦૫–૨૦૨૩ ના કલાક –૧૭/૪૫ વાગ્યાના સુમારે મોજે ગુંજાર ગામની સીમમાં પોતાના કબજા ભોગવટામાં ગે. કા. રીતે દેશી હાથ બનાવટની જામગરી બંદુક કિંમત રૂ. ૩,૦૦૦/– ની રાખી પકડાઈ જઈ, આર્મ એકટ કલમ – ૨૫(૧–બી)એ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા તારણો નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) આખરી હુકમ મુજબ

## -:કારણો :-

**મુદ્દા નં.૧ અને ૨ :-**

(૯) પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક-૦૯ થી પંચ સાહેદ કાનાભાઈ ડાયાભાઈભાઈ ગમારાને તથા આંક-૧૧ થી પંચ સાહેદ યોગેશકુમાર આદિત્યરાય આચાર્યને અદાલત રૂબરૂ સોગંદ ઉપર તપાસેલા છે. સદર પંચ સાહેદો પોતાની જુબાનીમાં પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકત તેઓ જણાવે છે. તે પંચનામામાં શું લખેલ હતું તે બાબતે તેઓ કાંઈ જાણતા ન હોય તેમજ તેઓની હાજરીમાં તેઓ પોલીસ સાથે કોઈ વાહનમાં બેસીને ગયેલ હોય અને કોઈ માણસ પાસેથી બંદુક કબજે લીધેલ હોય અને તેનું વિગતવારનું પંચનામું કરેલ હોય તેવું બનેલ ન હોવાની હકીકત તેઓ જણાવે છે. સદરહું બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી તેમજ બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજું કાંઈ જાણતા ન હોવાની હકીકત જણાવેલી છે.

(૯.૧) ત્યારબાદ, આંક-૧૪ થી ફરીયાદી પ્રવિણભાઈ ગફુરભાઈનાઓ તેઓની સરતપાસમાં જણાવે છે છે કે, ગઈ તા. ૨૮/૫/૨૩ તેઓ તથા સ્ટાફના બીજા માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમયાન ખાનગી હકીકત મળેલ કે ગુંજાર-પડાણા ગામની સીમમાં ડફેરનાં દંગા પાસે આવેલ તલાવડીની ઝાડીમાં એક ઇસમ બદરૂભાઇ ઉર્ફે બેરો અલારખા ડફેર રહે. ગુંજાર ગામની સીમમાં તા.ધંધુકા વાળો દેશી હાથ

બનાવટની જામગરી બંદુક લઈ શિકાર કરવા ગયેલ છે જે બાતમીના આધારે બે પંચોનાં માણસોને બોલાવી તેઓને હકીકતથી વાકેફ કરી ઉપરોક્ત જગ્યાએ જતાં ગુંજાર ગામની સીમમાં ડફેરનાં દંગા તરફ વાહનો હકિકતવાળી જગ્યાએથી દુર રાખી ચાલતા ચાલતા હકીકત વાળી તલાવડીએ જઈ જોતા ઝાડીમાં એક ઈસમ તેનાં હાથમાં બંદુક જેવુ હથીયાર લઈને દેખાતા સદરી ઈસમને કોર્ડન કરી પડકી પાડી તેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનું નામ બદરૂભાઈ ઉર્ફે બેરો અલારખા ડફેર રહે. ગુંજાર ગામની સીમમાં તા.ધંધુકા વાળો હોવાનું જણાવેલ અને સદરી ઈસમને સદર હથીયાર તેની પાસે રાખવા અંગેનો પાસ પરવાનો માંગતા પોતાની પાસે નહીં હોવાનું જણાવેલ. સદરી પાસેથી મળી આવેલ બંદુક જોતા એક દેશી હાથ બનાવટની જામગરી બંદુક હોય જે જોતા લાકડાના બટ, બોડી અને લોખંડની ગોળાકાર નળીના બેરલ વાળી અને બેરલને બોડી સાથે અલગ અલગ જગ્યાએ ત્રણ પતરાના સપોર્ટના ચાપડા મારી ફીટ કરેલ છે જે બંદુક ઉપર લોખંડનાં બેરલથી નીચે લાકડાનાં બટ સુધી આખી ૫૫ ઈંચની લંબાઈની છે જેનાં લોખંડનાં બેરલને માપી જોતા સાડા ચોત્રીસ ઈંચની લંબાઈની છે જે લોખંડનાં બેરલ તથા લાકડાનાં બટની વચ્ચે એક લોખંડનો સળીયો ફીટ કરેલ હોય. જે બંદુકનાં બોડીનાં નીચેનાં ભાગે નીચે પતરાનું ટ્રેગર છે અને લાકડાના બટ સાથે ખીલીઓથી ફીટ કરેલ તથા ચીપીયાનો ઘોડો આવેલ હોય તે ઘોડો બેરલના છેડે અડતો હોય જે બંદુક ચાલુ હાલતમાં જણાય છે. જે બંદુકની કિ.રૂ. ૩૦૦૦ /– ની ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ છે. જે બાબતેનું પંચનામુ પી. એન. ઝીંઝુવાડીયાનાઓની રૂબરૂ કરવામાં આવેલ અને અમોએ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ. જે ફરીયાદ હાલના કામે આંક–૧૫ થી રજુ હોય તેઓ તે ઓળખી બતાવે છે.

સદરહું ફરીયાદીની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે કહેવાતા બનાવવાળી જગ્યાવાળો વિસ્તાર ખુલ્લો નિર્જન વાડીવાળો વિસ્તાર છે તથા તેઓને હાથ બનાવટની બંદુક

બાબતે નોલેજ છે પરંતુ તે બાબતે કોઈ સ્પેશ્યલાઈઝ કરેલ નથી. એ વાત ખરી છે કે પંચોને કોણ બોલાવવા ગયેલ તેની તેઓને ખબર નથી કે ફરીયાદમાં પંચોના નામઠામ ઠેકાણા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓની ફરીયાદમાં સદરહું હથીયાર ચાલુ હાલતમાં હોવા બાબતનો કોઈ ખુલાસો કરેલ નથી. એ વાત ખરી છે કે, લોખંડની પાઈપ, તાર, ચાપડા સહેલાઈથી લુહારની દુકાનમાંથી વેચાણ અર્થે મળી શકે છે.

(૯.૨) હાલના કામે આંક–૧૬ થી પોલીસ સાહેદ હરદિપસિંહ જીતેન્દ્રસીંહ, આંક–૧૭ થી પોલીસ સાહેદ છત્રપાલસિંહ જશવંતસીંહ, આંક–૨૦ થી પોલીસ સાહેદ મયુરીબેન બાલુભાઈ, આંક–૨૨ થી પોલીસ સાહેદ કમલ ેશભાઈ જાદવભાઈ તથા આંક–૨૪ થી પોલીસ સાહેદ ગીરીશભાઈ રવજીભાઈનાઓ ફરીયાદીએ તેઓની સરતપાસમાં જણાવ્યા મુજબની હકીકત જ તેઓની સરતપાસમાં જણાવે છે તેમજ બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તે મુજબની હકીકત જણાવતાં હોય તેથી અહીં તેની ફરીથી ચર્ચા કરવામાં આવેલી નથી.

(૯.૩) હાલના કામે આંક–૩૫ થી તપાસતાં ત. ક. અ. પી. એન. ઝીં ઝુવાડીયાનાઓ પણ ફરીયાદીએ તેઓની સરતપાસમાં જણાવ્યા મુજબની હકીકત તેઓની સરતપાસમાં જણાવી. વધુમાં, તેઓ જણાવે છે કે, આ કામની તપાસ તેઓએ સંભાળી લીધેલી અને લાગતા વળગતા સાહેદોના નિવદનો નોંધી મુદામાલ કબજે કરી એફ. એસ. એલ. માં પરીક્ષણ કરવા માટે મોકલેલ તેમજ ચાર્જશીટ કરવાની મંજુરી મેળવવા માટે કલેકટરશ્રીને લેખિત રીપોર્ટ કરી મંજુરી મેળવવામાં આવેલ. જે મંજુરી રીપોર્ટ હાલના કામે આંક–૩૬ થી રજુ છે તેમ ત.ક.અ. જણાવે છે. તેઓ

આરોપીને ઓળખતા હોવાની હકીકત જણાવે છે કે જે બાબતે કોઈ તકરાર આરોપી પક્ષે લેવામાં આવેલ નથી.

સદરહું ત.ક.અ.ની બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, કહેવાતા બનાવવાળી જગ્યા વાડી વાળો વિસ્તાર છે અને ત્યાં ઘણી બધી વાડીઓ આવેલ છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આસપાસની વાડીઓના માલિકોના કોઈ નિવેદન આ કામે લીધેલા નથી. એ વાત ખરી છે કે, આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતું હથિયાર ચાલુ હાલતમાં હતું કે કેમ તે તેઓ કહી શકે નહીં પરંતુ તેને એફ.એસ.એલ. માં મોકલેલ. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ. નો રીપોર્ટ હાલના કામે રજુ નથી. એ વાત ખરી છે કે, તેઓને હાથ બનાવટની બંદુક બાબતે નોલેજ છે. પરંતુ તે બાબતના કોઈ સ્પેશચાલીસ્ટ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદ હકીકતે મારી જાતે પંચનામું તથા સાહેદોના નિવેદનો જાતે તૈયાર કરી લીધેલા અને તે સબંધે ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરી ખોટી જુબાની આપે છે.

(૧૦) હાલના કામે ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી ધ્વારા વધુ કોઈ પુરાવો લેવા માંગતા નહી હોવાની મૌખિક રજુઆત કરવામાં આવેલ છે, ત્યારે તે સબંધે **નામ.સુપ્રિમ કોર્ટે વિરસિંઘ વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.ના, ૨૦૧૩(૦) જીએલએચઈએલ–**ના ચુકાદામાં પેરા નંબર–૧૭ મા પ્રસ્તાપિત કરવામાં આવેલ અવલોકન માનસહ ધ્યાને લઈ એ તો ––– *Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but -quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must*

*be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Section 134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. (Vide: Vadivelu Thevar and Anr. V/s. State of Madras AIR 1957 SC 614; Kunju @ Balachandran V/s. State of Tamil Nadu AIR 2008 SC 1381; Bipin Kumar Mondal V/s. State of West Bengal AIR 2010 SC 3638; Mahesh and Another V/s. State of Madhya Pradesh (2011) 9 SCC 626; Prithipal Singh and ors. V/s. State of Punjab and anr. (2012) 1 SCC 10; Kishan Chand V/s. State of Haryana JT 2013 (1) SC 222 and Gulam Sarbar V/s. State of Bihar (Now Jharkhand) - 2013 (12) SCALE 504). (Para-17)* તથા નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***G.L.R.--2006(3), MOHAMMED SALIM IBRAHIM QURESHI AND ANR. Vs. STATE OF GUJARAT, Page-2385*** ના કિસ્સામાં પેરા–૧૮.૧માં કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેવામાં આવે તો, *The law enshrined in Sec. 134 of the Evidence Act does not require any particular number of witnesses to prove a certain fact. Under Sec. 3, a fact will be presumed to have been proved when after considering the matter before it, the Court either believes it to exist or considers its existence to be so probable that a prudent man under the circumstances of a particular case believes that such fact existed. So in ordinary course of law, the facts to be proved, should be proved in a manner which on objective basis satisfies the Court as in case of an ordinary prudent man of the existence of fact. The underlying object of Sec. 134 is that it is not the number of witnesses nor the quantity of evidence adduced by the prosecution that counts, but it is the quality that counts. Further, the prosecution has always discretion to give up examination of witnesses to avoid duplication of evidence. A Public Prosecutor may give up witnesses to avert proliferation of evidence which could save much time of the Court unless examination of such a witness would achieve some material use. If examination of a witness would only have helped in duplication of the same category of evidence*

*as the other eye-witnesses, the Public Prosecutor cannot be blamed for adopting the course of not examining him. (Para 18.1),*

જે ચુકાદા સંદર્ભે હાલની કાર્યવાહી ધ્યાને લેવામાં આવે તો, રેકર્ડ પર ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદપક્ષના પોલીસ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થનકારી સમાંતર પુરાવો આપેલ છે જયારે પંચસાહેદોએ ફરીયાદ હકીકતથી વિપરીત જુબાની જણાવેલી હોય તેમજ કોઈ સ્વતંત્ર સાહેદો ફરીયાદપક્ષે તપાસાયેલ ન હોય ત્યારે, ચાર્જશીટમાં જણાવેલ તમામ સાક્ષીઓ તપાસવામાં આવે તો પણ, કાર્યવાહીના અંતિમ પરીણામમાં કોઈ ફેરફાર થતો ન હોઈ, બિન–જરૂરી રીતે સાક્ષી તપાસી, અદાલતનો કિંમતી સમય બગાડવાનું યોગ્ય જણાતું ન હોઈ, અત્રેની કાર્યવાહીમાં અદાલતે ફરીયાદ પક્ષે વિશેષ સાક્ષીઓ તપાસવાનું ટાળેલ છે.

(૧૧) આ કામે ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા આર્મ્સ એકટ – ૧૯૫૯ ની કલમ–૩૯ ધ્યાને લેવી જરૂરી જણાય છે.

Sec.-39 : No prosecution shall be instituted against any person in respect of any offence under section 3 without the previous section of the district magistrate.

(૧૨) તેમજ વધુમાં, ઉપરોકત એકંદર હકીકતે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા આર્મ્સ એકટની કલમ–૨૫ (૧) બી.એ. મુજબનો ગુનો સાબિત કરવા કલમ–૫ માં જણાવેલ હકીકતો ફરીયાદપક્ષ તરફે સાબિત થવી આવશ્યક છે. હાલના કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું ન્યાયીક મુલ્યાંકન કરતા આ કામે ફરીયાદપક્ષ તરફે હાલના કામે તપાસેલા ફરીયાદી, પોલીસ સાહેદ તેમજ ત.ક.અ.નાઓની જુબાની જોતાં તેઓએ તમામ કાર્યવાહી પંચોની હાજરીમાં કરેલ હોવાની હકીકત જણાવેલી છે. જયારે હાલના કામે

તપાસેલા પંચ સાહેદો આવી કોઈ કાર્યવાહી તેઓની હાજરીમાં થયેલ હોવાનો ઈનકાર કરે છે. વધુમાં, હાલના કામે કબજે કરવામાં આવેલ મુદામાલ જામગરી બંદુક તપાસના કામે એફ.એસ.એલ. માં મોકલેલાની હકીકત ત.ક.અ. નાઓ તેઓની સરતપાસમાં જણાવે છે પરંતુ હાલના કામે કોઈ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ રાખેલ ન હોવાની હકીકત પણ તેઓ ખુદ કબુલ રાખે છે. હાલના કામે કોઈ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું ફરીયાદી તેમજ પોલીસ સાહેદ સ્વીકારે છે. સદરહું હથિયાર ચાલુ હાલતમાં હતું કે કેમ તે તેઓ કહી શકે નહીં તેમ જણાવે છે. ઉપરાંતમાં, કહેવાતી બનાવવાળી જગ્યાએ વાડી વાળો વિસ્તાર હોવાની અને ત્યાં આસપાસની વાડીઓના માલિકો સરળતાથી મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાહેદોના નિવેદનો હાલના કામે લીધેલ ન હોવાની હકીકત પણ ત.ક.અ. કબુલ રાખે છે. એટલે કે, હાલના કામે, ફરીયાદી, પોલીસ સાહેદ અને ત.ક.અ. કે જેઓ તમામે તેઓને ફરજની રૂએ કાર્યવાહી કરેલી છે તેઓની કાર્યવાહીને સમર્થન આપવા માટે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના વિરોધાભાષી પુરાવાને લીધે આરોપી પાસેથી દેશી હાથ બનાવટની જામગરી બંદુક કબજે કરેલ હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પર લાવવા ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોવાનું જણાઈ આવેલ છે.

(૧૩) વધુમાં, એ.આઈ.આર. ૧૯૯૮, સુપ્રિમ કોર્ટ, ૧૬૬૦ જશબીરસિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબનો ચુકાદો વંચાણે લેતાં, તે ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, જે હથિયાર આરોપીના કબજામાંથી મેળવવામાં આવેલ, તે હથિયાર પર કોઈ નિશાન કરવામાં આવેલ નહીં, જેથી જે હથિયાર કબજે કરેલ તે જ હથિયાર કોર્ટ સમક્ષ રજુ

થયેલ તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નહીં, તે સંજોગોમાં તેવી હકીકતનો લાભ આરોપીને આપેલ. જયારે હાલના કામે પણ આરોપીના કબજામાંથી મેળવેલ હથિયાર સબંધે પંચનામું પુરવાર થતુ ન હોય તેમજ મુદામાલ પંચસાહેદોએ પંચનામાની વિગતે હથિયાર કબજે કરેલાની હકીકતને સમર્થન કરેલ નથી. વધુમાં, ૨૦૦૩ એસ.એ.આર. (ક્રિમીનલ), ૪૨૭ પરનો ચુકાદો માનસહ વંચાણે લેતાં, જેમાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો માનસહ ધ્યાને લેતાં, ભારતીય પુરાવા કાયદાની કલમ–૨૭ ની ચર્ચા કરતાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, સ્વતંત્ર પંચ સાહેદોથી જે તે કેસમાં સમર્થન મળવું જોઈએ. વધુમાં ૨૦૦૩, એસ.એ.આર. ક્રિમીનલ), ૩૭૭ પરનો નામદાર સર્વોચ્ચ અદાલતની નામદાર ડી.વી. બેન્ચનો ચુકાદો માનસહ વંચાણે લેતાં, જે ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે આરોપી ઘ્વારા કરવામાં આવેલ અપીલ મંજુર કરતાં નોંધેલ છે કે, માત્ર પોલીસ સાહેદોનાં પુરાવા આધારે આવા ગંભીર ગુનાના કેસનો નિર્ણય થઈ શકે નહીં. ત્યારે હાલના કેસમાં ફરીયાદપક્ષે તપાસાયેલ સાહેદો પૈકીના પોલીસ સાહેદો સિવાયના સ્વતંત્ર પંચ સાહેદોએ સમર્થન આપેલ નથી તેવા કિસ્સામાં માત્ર પોલીસ સાહેદોનાં પુરાવા આધારે આરોપીને સજા કરી શકાય નહીં. તે જ રીતે ૧૯૯૫, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ), ૭૦૮ માનસહ વંચાણે લેતાં, જે ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, સ્વતંત્ર પંચ સાહેદોનો પુરાવો વિશ્વાસપાત્ર, માનવાલાયક હોવો જોઈએ અને તેવા સાહેદોનાં પુરાવાથી સમર્થન મળવુ જોઈએ. હાલના કેસમાં પણ આરોપી વિરુધ્ધના તહોમત સંદર્ભે નોંધવામાં આવેલ પુરાવાને વંચાણે લેતાં પોલીસ સાહેદોના પુરાવા સિવાય કોઈ સ્વતંત્ર પુરાવાથી આરોપી વિરુધ્ધના તહોમતને સમર્થન પ્રાપ્ત થતું નથી અને આ

કામે અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસના કામે લેવાયેલા નથી તેવી હકીકતને તપાસ કરનાર અમલદારે સ્વીકારેલી છે. પરંતુ સ્વતંત્ર સાહેદોના નિવેદનો શા માટે નોંધેલ નથી તે બાબતે કોઈ ખુલાસો કે સ્પષ્ટતા થઈ શકેલ નથી તેમજ વધુમાં એક દેશી હાથ બનાવટની જામગરી બંદુક કબજે કર્યા અંગે કરવામાં આવેલ પંચનામાના પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલું નથી. તેથી એક દેશી હાથ બનાવટની જામગરી બંદુક આરોપી પાસેથી મળી આવેલ હોય તેવું પુરવાર થતું નથી. ત્યારે ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં બનાવ સમયે આરોપી પાસેથી ગેરકાયદેસર એક દેશી હાથ બનાવટની જામગરી બંદુક પાસ પરમીટ વગર કબજે થયેલ હોય તેવી હકકીતે ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ નથી અને તેમ કરીને ફરીયાદપક્ષે હાલના કેસમાં હાલના આરોપી પાસેથી જ સદર મુદામાલ કબજે લીધા બાબતે શંકા ઉપસ્થિત થયેલ છે અને તેવી શંકાઓના નિરાકરણ સારૂ કોઈ સમર્થનકારી પુરાવો ફરીયાદપક્ષ રજુ કરવામાં નિષ્ફળ નિવડેલ હોય. જેથી સદરહું શંકાનો લાભ આરોપી મેળવવા હકકદાર હોય આમ, રજુ થયેલ પુરાવા સંદર્ભે સમર્થનકારી પુરાવાના અભાવે માત્ર પોલીસ સાહેદોના પુરાવાના આધારે આક્ષેપાયેલ ગુનો સાબિત થાય છે તેમ માની શકાય નહીં તેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.ર તથા કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

૧) આ કામના આરોપીને સી.આર.પી.સી. કલમ–ર૪૮ (૧) અન્વયે આર્મ્સ એકટની કલમ–રપ(૧)બી–એ તથા જી.પી. એકટની કલમ–૧૩પ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨)	મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ જણસનો અપીલ સમયબાદ નાશ કરવો.

૩)	આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ અન્વયે આરોપીને અપીલ સમય સુધીના રૂા. ૫,૦૦૦/– ના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૫–૦૩–૨૦૨૬**
**ધંધુકા**

**(યુનુસઅહમદ ઈકબાલહુસેન શેખ)**
**પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને**
**એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ધંધુકા.**
**Code No – GJ00967**

*વી. ડી. જોગરાણા*